**<u>આંક ૧ લગત હુકમ</u>**

હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળની ખાનગી ફરીયાદ છે. સદર કામે રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ આરોપીને સમન્સની બજવણીના સ્ટેજ પર ચાલી આવેલ છે. આ કામે આરોપીનુ સમન્સ બજવણી અર્થે મોકલવામાં આવેલ. જે સમન્સ આરોપીને બજે વગર બજે પરત આવેલ ન હોય તા: ૦૨.૦૭.૨૦૨૪ ના રોજ ફરીયાદી તર્ફે આંક ૦૬ થી આરોપીનુ સમન્સ હાથબીડો બજવણી માટે આપવામાં આવેલ.ફરીયાદીને આપવામાં આવેલ સમન્સ પણ બજે વગર બજે પરત આવેલ ન હોય તા: ૧૦.૦૨.૨૦૨૫ ના રોજ આરોપીને નોડેલ ઓફીસરશ્રી દ્ધારા સમન્સ બજવણી અર્થે આપવામાં આવેલ.જે સમન્સ પણ બજે વગર બજે પરત આવેલ ન હતુ. ત્યારબાદ ફરીયાદી તર્ફે તા: ૧૭.૦૬.૨૦૨૫ ના રોજ આરોપીનુ સમન્સ હાથબીડો બજવણી અર્થે આપવામાં આવતા તે સમન્સ આંક ૧૦ થી બજીને પરત આવેલ. ત્યારબાદ આરોપીને તા: ૨૦.૦૮.૨૦૨૫ ના રોજ જામીનલાયક વોરંટ કાઢવામાં આવેલ જે વોરંટ નિવેદન સાથે વગર બજે આંક ૧૨ થી પરત આવેલ છે. ત્યારબાદ ફરીયાદી તર્ફે આરોપીનુ સરનામુ રજુ કરવા માટે તા: ૨૪.૦૯.૨૦૨૫ ના રોજ મુદ્દતની માંગણી કરતા તેઓને મુદ્દત આપવામાં આવેલ હતી.અને ત્યારબાદ પણ ફરીયાદીને આરોપીનુ સરનામુ રજુ કરવા અનેક તક આપવામાં આવેલ હોવા છતા ફરીયાદી તર્ફે આજદિન સુધી આરોપીનુ નવુ સરનામુ રજુ કરવામાં આવેલ નથી. વધુમાં હાલના કામે છેલ્લી બે મુદતથી ફરીયાદી તર્ફે કોઇ અરજી કે રીપોર્ટ પણ આપવામાં આવતા નથી. આમ, આ કામે રેકર્ડ ધ્યાને લેતા આ કામે ફરીયાદી પોતે કે તેઓના વકીલશ્રી ફરીયાદના કામે હાજર રહેતા નથી તેમજ તેઓ તર્ફે પોતાની ફરીયાદના કામે આગળની કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. હાલની ફરીયાદ દાખલ કર્યાબાદ થી આરોપીને બજવણી ના સ્ટેજ પર ચાલી આવેલ છે. આ કામે

ફરીયાદી તર્ફે આરોપીને પ્રોસેસની બજવણીનો પણ કોઇ પ્રયાસ કરવામાં આવતો નથી. વધુમાં આ કામે ફરીયાદીની વર્તણુક ધ્યાને લેતા ફરીયાદીને હાલની ફરીયાદ આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેવુ પણ જણાય આવતુ નથી જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

હાલની ફરીયાદ ફરીયાદીની સતત ગેરહાજરીના કારણે ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા: ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા: ૨૩.૦૩.૨૦૨૬ કોમલ કુનાલ રાઠોડ

પોરબંદર બીજા અધિક ચીફ જ્યુડી મેજીસ્ટ્રેટ,પોરબંદર.

GJ01130